# Shri Lad Samaj Seva Trust


**Ahmedabad**

Trust Regd. No. E/17087-Ahmedabad Dt. 24/02/2005

**B/15, Aagman Avenue, Nr. Shreyas Park Society,**
**B/h. ISRO, Satellite, Ahmedabad-380 015. Gujarat.**
**Phone : (079) 26919183 (Secretary), 25358400 (President)**


તા. ૨૭-૧૧-૨૦૦૮

*શ્રીમાન/શ્રીમતી,*

સૌ પ્રથમ આપને નૂતન વર્ષાભિનંદન.

અમદાવાદમાં "શ્રી લાડ સમાજ સેવા ટ્રસ્ટ" ચાર વર્ષ પૂરાં કરી પાંચમાં વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. અમદાવાદમાં લાડ-પ્રજાપતિની જૂજ વસ્તીમાં ચોથા વર્ષના અંતે ૭૩ ભાઈઓ ટ્રસ્ટના કાયમી સભ્યો થયા છે. બાકીના વાર્ષિક સભ્યો છે અને તેમાંથી દર વર્ષે થોડા થોડા કાયમી સભ્યો થતાં રહેતાં હોઈ ટ્રસ્ટની સભ્ય સંખ્યામાં વર્ષોવર્ષ વધારો થઈ રહ્યો છે. આ બધા કુટુંબો નોકરી કે ધંધા અર્થે બહારથી આવીને અમદાવાદમાં સ્થાયી થયા છે અને તેમની આર્થિક સ્થિતિ બિલકુલ સામાન્ય પ્રકારની છે. અમદાવાદના પ્રજાપતિ ભાઈઓના બાળકો તો ઉપલબ્ધ શૈક્ષણિક સંસ્થાઓમાં ભણી જ રહ્યા છે, પરંતુ અમદાવાદ બહારના જિલ્લાઓમાં જ્યાં પૂરતી શૈક્ષણિક સંસ્થાઓ નથી, ત્યાંના બાળકો અમદાવાદમાં રહી આજની જરૂરિયાત મુજબનું ઉચ્ચ શિક્ષણ મેળવી શકે એવી રહેવા-ખાવાની વ્યવસ્થા ઊભી કરવાની અમદાવાદના સામાન્ય સ્થિતિના ભાઈઓએ સર્વના સાથ-સહકારની અપેક્ષાએ હામ ભીડી છે.

આર્ટ્સ, સાયન્સ અને વાણિજ્ય કોલેજો ઉપરાંત અદ્યતન ઉચ્ચ શિક્ષણ આપતી નીચે જણાવેલી સંસ્થાઓ અમદાવાદમાં હાલે કાર્યરત છે.

૧. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM)

૨. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT)

૩. જુદા જુદા વિશિષ્ટ કાર્યક્રમો ચલાવતી નિરમા યુનિવર્સિટી

૪. ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી

૫. નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ડિઝાઈન (NID)

૬. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ડિઝાઈનીંગ (NIFD)

૭. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT)

૮. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

૯. મેડીકલ, ડેન્ટલ, આર્યુવેદ, હોમિયોપેથિક, ફીઝીયોથેરાપી, ફાર્મસી, હોટલ મેનેજમેન્ટ, ઈન્ફર્મેશન ટેકનોલોજી વગેરેનું શિક્ષણ આપતી સંસ્થાઓ

૧૦. કેસર સાલ મેડીકલ કોલેજ.

૧૧. N. H. L. મેડીકલ કોલેજ.

૧૨. B. J. મેડીકલ કોલેજ.

ઉપર નંબર-૨થી બતાવાયેલી 'ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (IIT) દેશમાં ફક્ત છ શહેરોમાં જ ચાલતી હતી, તે પણ ચાલુ વર્ષથી અમદાવાદમાં શરૂ થઈ જતાં અમદાવાદ શિક્ષણ માટે ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવી ચૂક્યું છે. અત્યારે ઉચ્ચ શિક્ષણ માટે આપણા બાળકોને જુદા જુદા શહેરોમાં જવું પડે છે. પણ હવે અમદાવાદમાં